ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

ક્રમાંક: 417/AB/GV/2026-27 તારીખ: 06.11.2026
16

પરિપત્ર

વિષય: સ્નાતક, સ્નાતકોત્તર, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમોમાં 'સમૂહ-જીવન (Community Living)' વિષયના અમલીકરણ બાબત.

સંદર્ભ: તા.01.10.2026ની વિદ્યાસભા (Academic Council) નો ઠરાવ ક્રમાંક 12 તથા તા.02.10.2026ની કાર્યવાહક પરિષદ (Executive Council) નો ઠરાવ ક્રમાંક 12.

ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, સામાજિક સહભાગિતા, શ્રમપ્રતિષ્ઠા, સામૂહિક જીવન તથા ગાંધીવિચાર આધારિત જીવનમૂલ્યોના સંવર્ધનના હેતુથી સ્નાતક, સ્નાતકોત્તર, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમના દરેક સત્રમાં સમૂહ-જીવન (Community Living) વિષય/પેપરનું આયોજન કરવામાં આવેલ છે, જેનો Course Code- 264510200001 રહેશે.

આ વિષયના સુચારુ અમલીકરણ માટે નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવે છે:

1. વિષયની રચના અને મૂલ્યાંકન ભારાંક (દરેક સત્ર માટે)

અ) ગુરુપુર્ણિમા સત્ર

એકમ	વિગત (પ્રવૃત્તિઓ)		કાર્યકલાક	મૂલ્યાંકન ભારાંક
એકમ-1	સામાજિક સહભાગિતા	ગ્રામજીવનયાત્રા	30	30%
		ગાંધીજયંતી, રેંટિયાબારસ, સ્વાતંત્ર્ય દિન, વગેરે	15	20%
એકમ-2	પ્રાર્થના અને કાંતણ		30	30%
	સફાઈ, શ્રમ અને પર્યાવરણીય પહેલ		15	20%
કુલ			90	100%

બ) વસંતપંચમી સત્ર

એકમ	વિગત (પ્રવૃત્તિઓ)		કાર્યકલાક	મૂલ્યાંકન ભારાંક
એકમ-1	સામાજિક સહભાગિતા	સ્વયંપાક, કસ્તૂરબા ગાંધી પરિવારમેળો	30	30%
		પ્રજાસત્તાક દિન, ગાંધીનિર્વાણ દિન, મોરારજી દેસાઈ જન્મજયંતી/પુણ્યતિથિ, વગેરે	15	20%
એકમ-2	પ્રાર્થના અને કાંતણ		30	30%
	સફાઈ, શ્રમ અને પર્યાવરણીય પહેલ		15	20%
કુલ			90	100%

2. મૂલ્યાંકન પદ્ધતિ

(1) ગ્રામજીવનયાત્રાના અંતે દરેક સંયોજક પોતાને સોંપાયેલ જૂથનું મૂલ્યાંકન કરશે, જેમાં વિદ્યાર્થીની હાજરી અને નિયમિતતા માટે 10 ગુણ તેમજ પ્રસ્તુતિ અને સહભાગિતા માટે 20 ગુણ (કુલ 30 ગુણ) રહેશે.

(2) કાંતણની પરીક્ષા સમૂહમાં લેવામાં આવશે. જેમાં દરેક વિદ્યાર્થીએ પેટી રેંટીયા પર 30 મિનીટ કાંતણકાર્ય કરવાનું રહેશે અને કાંતેલ તારને ફાળકા પર વીંટી સુપરવાઈઝરની હાજરીમાં ગણતરી કરીને આંટી જમા કરાવવાની રહેશે.

(3) વિદ્યાર્થીએ નિષ્ણાત સમિતિ સમક્ષ કાંતણકાર્યમાં થયેલ મૂલ્યાંકન, સત્ર દરમિયાનની સામાજિક સહભાગિતા, પ્રાર્થના, સફાઈ, શ્રમ, જીવન મૂલ્યો, પર્યાવરણીય પહેલ તથા અન્ય વિશિષ્ટ બાબતોની પ્રસ્તુતિ કરવાની રહેશે, જેને આધારે વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવામાં આવશે.

(4) દરેક વિભાગે વિદ્યાર્થીઓની હાજરીની નોંધ રાખવાની રહેશે, વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાની રહેશે તથા મૂલ્યાંકનની કામગીરી સમયસર પૂર્ણ કરવાની રહેશે.

3. ક્રેડિટ અને ગુણભાર

આ વિષય માટે ક્રેડિટ અને ગુણભાર અંગેની જોગવાઈ નીચે મુજબ રહેશે:

વિગત	જોગવાઈ
ક્રેડિટ (દરેક સત્ર માટે)	02
કુલ ગુણ	100 (ગ્રેડ)

સંદર્ભ: સમર્થ પોર્ટલ ફાઇલ નંબર- 2026OCTFMTS00005435.

(ડૉ. હિમાંશુ પટેલ)
કુલસચિવ

નકલ જાણ તથા અમલ માટે:

1. કુલપતિશ્રીના અંગત સચિવ
2. કુલસચિવના અંગત મદદનીશ
3. તમામ વિદ્યાશાખાના ડીનશ્રીઓ તથા તમામ શૈક્ષણિક વિભાગોના અધ્યક્ષશ્રીઓ
4. પરીક્ષા શાખા
5. આઈ.ટી. શાખા (ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઇટ પર અપલોડ કરવા માટે)